StudySite.org StudySite.org

# ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ (જા.ક્ર.:-૧૫/૨૦૧૧-૧૨)ની પ્રાથમિક કસોટી માટેનું સેમ્પલ પેપર

ભાગ-૧. 'સામાન્ય અભ્યાસ'નું સેમ્પલ પેપર તરીકે મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ (જા.ક્ર.:-૫/૨૦૧૨-૧૩) ની પ્રાથમિક કસોટી માટે મુકેલ સેમ્પલ પેપર ધ્યાને લેવું.

ભાગ-૨. વિષયને લગતું સેમ્પલ પેપર નીચે મુજબ છે.

ઉમેદવારનો સીટ નંબર

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

## ઉમેદવારોને સૂચના

(01) **આ પ્રશ્નપુસ્તિકામાં કુલ 100 પ્રશ્નો છે. દરેકના સરખા ગુણ છે.**

(02) **1થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.**

(03) **આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.**

(04) **આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.**

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષાખંડ / હોલમાં, પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલ ફોન કે કોઈ પણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા. આપને **કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી** આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે. સૌ પ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં (English) અંગ્રેજીમાં પરીક્ષાનું નામ, પરીક્ષાની તારીખ, કેન્દ્ર, જન્મતારીખ, પરીક્ષાર્થીનું નામ (અટક પહેલાં લખવી), રોલ નંબર (બેઠક નંબર) તથા વિષય ફક્ત ભૂરી(**Blue**) અથવા કાળી(**Black**) શાહીની બોલપેનથી (**English**) અંગ્રેજીમાં લખીને નિયત ખાનામાં પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહિ આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે. **જવાબવહીના પાછળના ભાગમાં રોલ નંબર (બેઠક નંબર), પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં લાગુ પડતી સાચી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી જ વર્તુળ પૂરેપૂરું ડાર્ક (encode) કરીને આપવી.**

(07) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેકપ્રશ્નના ઉત્તરમાં **A, B, C, D** વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી જવાબવહીમાં સંબંધિત પ્રશ્નના ક્રમ નીચે આપેલ **A, B, C કે Dના વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ "શૂન્ય" ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.**

**ઉદાહરણ તરીકે :**

ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે ?

Ⓐ Ⓑ ● Ⓓ

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ

(C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

આ ઉદાહરણમાં સાચો જવાબ (**C**) છે. આથી (**C**)નું વર્તુળ ડાર્ક (**encode**) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં **"ગુજરાત"** લખવું નહિ.

(08) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

(09) જવાબવહીમાં આપે નીચે પૈકીની કોઈ પણ ભૂલ કરેલ હશે તો આપની જવાબવહી તપાસવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે.

- (01) **જવાબવહીમાં વિગતો ભૂરી/કાળી શાહીવાળી બૉલપેન સિવાય અન્ય રીતે આપેલ હશે,**
- (02) **જવાબવહીમાં રફકામ કરેલ હશે,**
- (03) **જવાબવહીમાં ભરવાની કોઈ પણ કોલમની વિગતમાં કોઈ ભૂલ કરેલ હશે કે રોલ નંબર, પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબર ખોટા લખેલ હશે કે ખોટા એન્કોડ (encode) કરેલ હશે.**
- (04) **જવાબવહીમાં થયેલ ભૂલો સુધારવા માટે કરેક્શન ઈન્ક, કરેક્શન ફ્લ્યુડ, કરેક્શન પેન, ઈરેઝર કે બ્લેડનો ઉપયોગ કરેલ હશે.**

(10) **આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કંઈ પણ રફવર્ક કરવું નહિ. **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.**

(11) પ્રશ્નપુસ્તિકાના કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.

(12) **પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.**

(13) **આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સાઓમાં જે તે જવાબના નિશ્ચિત ગુણના એક તૃતીયાંશ ગુણ કુલ ગુણમાંથી -કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.**

(14) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

1 કારખાના અધિનિયમ, 1948 અન્વયે, પાવરની મદદ વિના ઉત્પાદન પ્રક્રિયા કરનાર કારખાનામાં કામદારોની લઘુતમ સંખ્યા કેટલી હોય છે ?

(A) 10 (B) 15
(C) 20 (D) 18

2 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર ચીફ ઇન્સ્પેક્ટરે આપેલ પરવાનો, જે તે વર્ષ માટે, ક્યાં સુધી અમલી રહેશે ?

(A) 31 માર્ચ (B) 30 જૂન
(C) 15 ઑગસ્ટ (D) 31 ડિસેમ્બર

3 કારખાના અધિનિયમ, 1948 અન્વયે લાઇસન્સ પૂરું થવાની મુદતથી કેટલા સમય અગાઉ તે રિન્યુ કરાવવા અરજી કરી શકાય ?

(A) બે માસ (B) એક માસ
(C) પંદર દિવસ (D) એકવીસ દિવસ

4 કારખાના અધિનિયમ, 1948 અન્વયે કારખાનામાં નવા મૅનેજર નિયુક્ત થાય તેની જાણ કયા ફૉર્મમાં કરવાની હોય છે ?

(A) ફૉર્મ-3A (B) ફૉર્મ-19
(C) ફૉર્મ-28 (D) ફૉર્મ-23

5 કારખાના અધિનિયમ, 1948 અન્વયે 'તરુણ' (Adolescent) એટલે એવી વ્યક્તિ જેણે વર્ષ પૂરાં કર્યાં છે.

(A) 18 (B) 15
(C) 21 (D) 22

6 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કારખાનાની ચૂનાથી ધોળવામાં આવેલી દીવાલોને ફરી કેટલા મહિને ધોળાવવી જરૂરી છે ?

(A) 14 (B) 20
(C) 36 (D) 18

7 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, કૃત્રિમ ભીનાશ માપવા માટે ઓરડામાં લગાડાતા યંત્રને શું કહે છે ?

(A) સ્પેક્ટ્રોમીટર (B) થર્મોમીટર
(C) હૅક્ટોમીટર (D) બેરોમીટર

8 કારખાના અધિનિયમ, 1948ની જોગવાઈઓ અનુસાર, પીવાના પાણીની વ્યવસ્થા, જાજરૂ, મુતરડી કે થૂંકદાનીથી કેટલા અંતરે દૂર રાખવી જોઇએ ?

(A) 6 મીટર (B) 8 મીટર
(C) 10 મીટર (D) 12 મીટર



StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org

9/C

9 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, હોઈસ્ટ-લિફ્ટની ચકાસણી કેટલા મહિને કરાવવાની જોગવાઈ છે ?

(A) દર 6 મહિને (B) દર મહિને
(C) દર 3 મહિને (D) દર 4 મહિને

10 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, કામદારોની કેટલી સંખ્યાથી વધુ કામદારો હોય ત્યાં જાજરૂ, મુતરડીના ભોંયતળિયાથી ત્રણ ફૂટની ગ્લેઝ ટાઈલ્સવાળી દીવાલ હોવી જરૂરી છે ?

(A) 100 (B) 250
(C) 200 (D) 80

11 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, તરુણી મહિલા કામદાર પાસે મહત્તમ કેટલું વજન ઊંચકાવી શકાય જેથી તેણીને નુકસાન થાય નહિ ?

(A) 20.4 kgs (B) 15.9 kgs
(C) 13.6 kgs (D) 50 kgs

12 કારખાના અધિનિયમ, 1948 અનુસાર પાવરથી ચાલતાં યંત્રો, સંપૂર્ણ સલામતી સિવાય વેચનાર, ભાડે આપનાર કે બેસાડનાર વિરુદ્ધ તે ગુનો સાબિત થાય તો કેટલા મહિનાની કેદની સજાને પાત્ર થશે ?

(A) 6 માસ (B) 3 માસ
(C) 1 માસ (D) 12 માસ

13 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કારખાનામાં થૂંકદાનીની સંખ્યા નક્કી કરવાની સત્તા કોને છે ?

(A) રાજ્ય સરકાર (B) કેન્દ્ર સરકાર
(C) ચીફ ઇન્સ્પેક્ટર (D) કબજેદાર

14 કારખાના અધિનિયમ, 1948 અનુસાર અડધા કલાકની રિસેસ આપ્યા સિવાય, કામદાર પાસેથી સતત કેટલા કલાકથી વધુ કામ લઈ શકાય નહિ ?

(A) 5 કલાક (B) 6 કલાક
(C) 8 કલાક (D) 4 કલાક

15 કારખાના અધિનિયમ, 1948 અનુસાર કારખાનામાં અકસ્માત થાય ત્યારે તેની જાણ - નોટિસ ઇન્સ્પેક્ટરને કેટલા સમયમાં મોકલવાની હોય છે ?

(A) 12 કલાક (B) અકસ્માત થાય કે તરત જ
(C) 6 કલાક (D) 24 કલાક

16 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, ભોજનગૃહ (Dining Hall)માં કુલ કામદારોના કેટલા ટકા (લઘુતમ ટકાવારી) એકસામટા સમાઈ શકે તેવી વ્યવસ્થા હોવી જરૂરી છે ?

(A) 50 % (B) 40 %
(C) 30 % (D) 20 %



StudySite.org
StudySite.org

StudySite.org StudySite.org

17 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, ત્રણ માસિક ઓવરટાઈમ, કેટલા મહત્તમ કલાકથી વધવો જોઈએ નહિ ?

(A) 40 (B) 50

(C) 60 (D) 30

18 કારખાના અધિનિયમ, 1948 અનુસાર હક્કરજા મેળવવાની પાત્રતા માટે કામદારે જે તે કેલેન્ડર વર્ષમાં લઘુતમ કેટલા દિવસ કામ કરેલ હોવું જરૂરી છે ?

(A) 200 (B) 150

(C) 240 (D) 300

19 કારખાના અધિનિયમ, 1948 અન્વયે બાળકામદાર પાસેથી રોજના મહત્તમ કેટલા કલાક કામ લઈ શકાય ?

(A) $4\frac{1}{2}$ (B) 5

(C) 6 (D) 3

20 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, કામદારોની વિગતો દર્શાવતું રજિસ્ટર કયા ફૉર્મમાં રાખવાનું હોય છે ?

(A) Form-15 (B) Form-10

(C) Form-12 (D) Form-23

21 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કોઈ પણ કામદાર પાસેથી અઠવાડિક કેટલા કલાકથી વધારે કામ લઈ શકાય નહિ ?

(A) 48 (B) 40

(C) 36 (D) 24

22 કારખાના અધિનિયમ, 1948 અનુસાર ઘોડિયાઘરમાં રાખેલ બાળકની સંભાળ લેવા માટે, માતાને કામના સમયમાંથી કેટલી વખત, કેટલા સમય માટે છૂટછાટ મળી શકે છે ?

(A) બે વખત, 15-15 મિનિટ (B) એક વખત, 50 મિનિટ

(C) એક વખત, 45 મિનિટ (D) એક વખત, 30 મિનિટ

23 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધોમાં પર્યાવરણીય પ્રદૂષણ (Environmental pollution) અટકાવવા માટેના ધરખમ ફેરફારો-સુધારાઓ કયા વર્ષમાં કરવામાં આવ્યા છે ?

(A) 1954 (B) 1976

(C) 1986 (D) 1984

24 કારખાના અધિનિયમ, 1948 અન્વંયે, કેટલી સંખ્યાથી વધુ કામદારો કામ કરતાં હોય તેવાં કારખાનામાં પૂરતા આશ્રયસ્થાનો, આરામગૃહો અને ભોજનખંડોની વ્યવસ્થા હોવી જરૂરી છે ?

(A) 75 (B) 100

(C) 150 (D) 90

StudySite.org



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

25 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, કેટલી સંખ્યાથી વધુ સંખ્યામાં સ્ત્રી કામદારો કામ કરતા હોય તો ઘોડિયાઘર રાખવાનું જરૂરી બને છે ?

(A) 30 (B) 50
(C) 20 (D) 40

26 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, કલ્યાણ-અધિકારી (Welfare Officer)ની ખાલી પડેલ જગ્યા કેટલી મુદતમાં ભરવી જરૂરી છે ?

(A) એક માસ (B) બે માસ
(C) ત્રણ માસ (D) ચાર માસ

27 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર કેન્ટિનની વ્યવસ્થાપક સમિતિની પુનઃરચના દર કેટલાં વર્ષે કરવાની થાય છે ?

(A) 3 વર્ષ (B) 4 વર્ષ
(C) 5 વર્ષ (D) 2 વર્ષ

28 કારખાના અધિનિયમ, 1948 અન્વયે, કેટલી સંખ્યાથી વધુ કામદારો કામ કરતાં હોય તો તે કારખાનામાં સલામતી અધિકારી (Safety Officers) રાખવાના થાય છે ?

(A) 500 (B) 1000
(C) 600 (D) 800

29 કારખાના અધિનિયમ, 1948 અનુસાર પ્રાથમિક સારવાર માટે 'પ્રાથમિક સારવાર પેટી' (First Aid Box) રાખવાની જોગવાઈ, કેટલા કામદારદીઠ હોય છે ?

(A) 150 (B) 250
(C) 100 (D) 50

30 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, સામાન્ય રીતે પાંચસોથી વધુ કામદારો જે કારખાનામાં કામ કરતાં હોય, ત્યાં એમ્બુલન્સ-રૂમ હોવો જોઈએ અને તેની નિયમિત જાળવણી પણ થવી જોઈએ તે જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) Sec. 44 (B) Sec. 45
(C) Sec. 48 (D) Sec. 49

31 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, અકસ્માત અને જોખમી ઘટનાઓનું રજિસ્ટર કયા નંબરના ફૉર્મમાં ભરવાનું હોય છે ?

(A) Form-26 (B) Form-6 (C)
(C) Form-24 (D) Form-10

32 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કલમ-107 હેઠળ અપીલ કરવાની નિયત સમયમર્યાદા કેટલી છે ?

(A) 30 દિવસ (B) 60 દિવસ
(C) 15 દિવસ (D) 40 દિવસ



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

33 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, કોઈ બાળકને એક જ દિવસમાં બે કારખાનામાં કામ કરવાની સંમતિ આપનાર માતાપિતા કે વાલી અથવા જે વ્યક્તિના કબજા કે નિયંત્રણમાં તે બાળક છે તે વ્યક્તિ અથવા બાળકના વેતનમાંથી સીધી રીતે લાભ લેનાર વ્યક્તિને, કેટલી મહત્તમ રકમ સુધીનો દંડ થઈ શકે ?

(A) 10,000 (B) 5,000
(C) 1,000 (D) 2,500

34 કારખાના અધિનિયમ, 1948ની જોગવાઈઓ મુજબ, કારખાનામાં કામે રાખેલ કોઈ કામદાર, કામદારોની કોઈ ફરજ અથવા જવાબદારીઓ અંગેની જોગવાઈઓ કે તે અંગેના નિયમો કે હુકમોનું ઉલ્લંઘન કરે તો તેવા કિસ્સામાં કેટલી રકમના મહત્તમ દંડની જોગવાઈ છે ?

(A) 1000 (B) 2500
(C) 3000 (D) 500

35 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કોઈ વ્યક્તિ કલમ-91 હેઠળના પૃથક્કરણનાં પરિણામો, ખોટી રીતે જાહેર કરે અથવા અન્ય કોઈ વ્યક્તિ સમક્ષ પ્રસિદ્ધ કરે તો તે ગુનો સાબિત થયેથી કરવામાં આવતા દંડની, મહત્તમ રકમ કેટલી છે ?

(A) 5000 (B) 25000
(C) 10000 (D) 30000

36 કારખાના અધિનિયમ, 1948ની કલમ-92 તથા કલમ-94 મુજબ 'ગંભીર શારીરિક ઈજા'નો અર્થ

(A) કોઈ અવયવનો ઉપયોગ કાયમી રીતે બંધ થવો
(B) કામચલાઉ ઈજા પહોંચાડવી
(C) મુશ્કેલીથી સાંભળી શકાય
(D) હાડકામાં તિરાડ ન પડવી

studysite.org

37 કારખાના અધિનિયમ, 1948 અનુસાર બાળકને કામે રાખવા માટેની યોગ્ય ઉંમર કઈ છે ?

(A) 15 વર્ષ (B) 13 વર્ષ
(C) 14 વર્ષ (D) $11\frac{1}{2}$ વર્ષ

38 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, કારખાનામાં સલામતી સમિતિ (Safety Committee)ની રચના કરવાની જરૂરિયાત માટે, કામદારોની લઘુતમ સંખ્યા કેટલી છે ?

(A) 100 (B) 200
(C) 250 (D) 300

39 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, ઘોડિયાઘરમાં (Creche) કેટલાં વર્ષની ઉંમર સુધીનાં બાળકોને રાખવામાં આવે છે ?

(A) 6 વર્ષ (B) 8 વર્ષ
(C) 9 વર્ષ (D) 7 વર્ષ



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

40 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કબજેદારે દરેક વર્ષમાં વાર્ષિક-પત્રક (Annual-Return) કયા માસની છેલ્લી તારીખ પહેલાં ભરવાનું હોય છે ?

(A) જુલાઈ (B) ફેબ્રુઆરી

(C) જૂન (D) ડિસેમ્બર

41 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, જે વ્યક્તિને 'યોગ્યતા પ્રમાણપત્ર' આપવામાં આવેલ છે, તે સિવાયની અન્ય વ્યક્તિ પોતાને મળેલા પ્રમાણપત્ર તરીકે તેનો ઉપયોગ કરે તો, ગુનો સાબિત થયેથી કેટલી મહત્તમ રકમના દંડની શિક્ષા થઈ શકે ?

(A) રૂ. 3,000 (B) રૂ. 2,000

(C) રૂ. 1,000 (D) રૂ. 500

42 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો મુજબ, કારખાનામાંનો કોઈ કામદાર, અન્ય કામદારોના આરોગ્ય, કલ્યાણ અથવા સલામતીનાં સાધનોનો દુરુપયોગ કરે અથવા ઈરાદાપૂર્વક તેના ઉપયોગમાં બેદરકારી દાખવે તો તે કિસ્સામાં ગુનો સાબિત થયેથી તેને મહત્તમ કેટલી મુદતની કેદની શિક્ષાને પાત્ર થશે ?

(A) ત્રણ મહિના (B) એક મહિનો

(C) છ મહિના (D) બાર મહિના

43 કારખાના અધિનિયમ, 1948 અનુસાર, રસાયણ અને ઝેરી પદાર્થો માટેની પરવાનગીપાત્ર ગ્રાહ્યમર્યાદાઓ કયા શેડ્યુલમાં દર્શાવવામાં આવી છે ?

(A) Schedule-I (B) Schedule-II

(C) Schedule-III (D) એકેય શેડ્યુલમાં નહિ

44 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કારખાનાના કોઈ રૂમમાં કામદાર ગીચતા (over-crowding) અનુભવે નહિ તે માટે તેને લઘુતમ કેટલી જગ્યા પ્રાપ્ય કરાવવી જરૂરી છે ?

(A) 14.2 ક્યુબિક મીટર (B) 9.9 ક્યુબિક મીટર

(C) 13.2 ક્યુબિક મીટર (D) 10.2 ક્યુબિક મીટર

45 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, કારખાનાના કોઈ પણ મકાન કે મશીનનો વિસ્તાર (Extension) કરવા માટેના નકશાઓ (plans) માટે કોની બહાલી (Approval) મેળવવી જરૂરી છે ?

(A) મુખ્ય સ્થપતિ (B) કારખાનાના મુખ્ય નિરીક્ષક

(C) મુખ્ય નગરનિયોજક (D) કામદાર સંગઠનના પ્રમુખ



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

46 કારખાના અધિનિયમ, 1948ની કઈ કલમ હેઠળ, કારખાનામાં ચલાવાતી કોઈ ઉત્પાદન પ્રક્રિયા અથવા કામગીરીથી તેમાં કામ કરતા કામદારને શારીરિક ઈજા, ઝેર લાગવું અથવા રોગ લાગુ પડવાનું ગંભીર જોખમ હોય તેવો રાજ્ય સરકારનો અભિપ્રાય હોય તે કામોને 'જોખમી કામો' ગણવામાં આવ્યા છે ?

(A) કલમ-87 (B) કલમ-90
(C) કલમ-99 (D) કલમ-92

47 ''કારખાના અધિનિયમ, 1948 અને ગુજરાત કારખાનાંઓના નિયમો-1963નો સારાંશ'', ગુજરાત કારખાનાંઓના નિયમો, 1963ના કયા નિયમ અનુસાર, કારખાનામાં સ્પષ્ટપણે જોઈ શકાય તેવી જગ્યાએ દર્શાવવાનો હેય છે ?

(A) નિયમ-102 (B) નિયમ-101
(C) નિયમ-106 (D) નિયમ-108

48 ગુજરાત કારખાનાઓના નિયમો - 1963ના કયા નિયમ અનુસાર, અપીલના કામમાં, આકારણી કરનાર (Assessor)ની નિમણૂક કરવામાં આવે છે ?

(A) નિયમ-108(3) (B) નિયમ-105(2)
(C) નિયમ-101(1) (D) નિયમ-106(3)

49 ગુજરાત કારખાનાઓના નિયમો - 1963 અન્વયે કારખાનામાં કામ કરનાર દરેક કામદારને ઓળખપત્ર (Identity Card) આપવાની જોગવાઈ કયા નિયમ અનુસાર કરવામાં આવી છે ?

(A) નિયમ-110-A (B) નિયમ-114
(C) નિયમ-100 (D) નિયમ-90

StudySite.org

50 ગુજરાત કારખાનાઓના નિયમો - 1963 અન્વયે નિયમ-112માં કઈ જોગવાઈ કરવામાં આવી છે ?

(A) કામદારને ગણવેશ આપવાની (B) ઈન્સ્પેક્શન-બુક રાખવી
(C) રજાઓનું રજિસ્ટર (D) અકસ્માતોની નોંધ રાખવી

51 ગુજરાત કારખાનાઓના નિયમો - 1963 અનુસાર જગ્યા મૂલ્યાંકન સમિતિ (Site Appraisal Committee)નાં કાર્યો અંગેના નિયમોની જોગવાઈ, કયા નિયમથી કરવામાં આવી છે ?

(A) નિયમ-68(J) (B) નિયમ-68(I)
(C) નિયમ-68(H) (D) નિયમ-68(G)

52 ગુજરાત કારખાનાઓના નિયમો - 1963 અન્વયે, પ્રમાણિત કરનાર સર્જન (Certifying surgeon) દ્વારા અપાયેલ પ્રમાણપત્રના અડધિયા (counterfoils) ઈસ્યુ થયાની તારીખથી લઘુતમ કેટલા સમય માટે રાખવાના હોય છે ?

(A) છ માસ (B) નવ માસ
(C) એક વર્ષ (D) બે વર્ષ



StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org

53 કારખાના અધિનિયમ, 1948ની ત્રીજી અનુસૂચિમાં દર્શાવેલ ''જાહેર કરવા જેવા રોગો''ની યાદીમાં કુલ રોગોની સંખ્યા કેટલી છે ?

(A) 27 (B) 28

(C) 29 (D) 30

54 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, આપેલ સમયમર્યાદા અથવા વધારેલ સમયમર્યાદામાં કોર્ટના હુકમનું પૂરેપૂરું પાલન કરવામાં ન આવે તો મહત્તમ કેટલા માસની કેદની સજા થઈ શકે ?

(A) ત્રણ માસ (B) ચાર માસ

(C) છ માસ (D) આઠ માસ

55 કારખાના અધિનિયમ, 1948 અન્વયે ઈન્સ્પેક્ટર દ્વારા જો લેખિત માંગણી કરીને માહિતી માંગવામાં આવી હોય તો તેવી માંગણી મળ્યાની તારીખથી કેટલા દિવસમાં તે માંગણીનું પાલન કરવું જરૂરી છે ?

(A) દસ દિવસ (B) પંદર દિવસ

(C) સાત દિવસ (D) ત્રીસ દિવસ

56 કારખાના અધિનિયમ, 1948ના પ્રબંધો અનુસાર, જો કોઈ વ્યક્તિ કલમ-92 હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુના માટે ગુનેગાર દોષિત થઈ હોય અને તે જ વ્યક્તિ, તે જ ગુના માટે, તે જ જોગવાઈનું ઉલ્લંઘન કરે અને ફરીથી દોષિત સાબિત થાય તો તે, મહત્તમ કેટલી રકમના દંડની શિક્ષાને પાત્ર થશે ?

(A) 2 લાખ રૂપિયા (B) 3 લાખ રૂપિયા

(C) 4 લાખ રૂપિયા (D) 5 લાખ રૂપિયા

StudySite.org

57 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અનુસાર રાજ્ય સરકારે આ કાયદાના અમલ માટે જે નિયમો બનાવ્યા હોય તે કેટલા સમયમાં વિધાનગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે ?

(A) 15 દિવસ (B) 30 દિવસ

(C) 7 દિવસ (D) શક્ય તેટલી ત્વરાથી

58 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે તે કાયદાના અમલ માટે રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ નિયમો - તેના ભંગ બદલ લઘુતમ દંડની સજાની શું જોગવાઈ છે ?

(A) રૂ. 750 (B) રૂ. 500

(C) રૂ. 250 (D) રૂ. 100

59 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે કર્મચારીના અવસાન પ્રસંગે વણચૂકવાયેલ રકમની ચુકવણી અંગેની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ-26 (B) કલમ-25-A

(C) કલમ-22 (D) કલમ-8



StudySite.org
StudySite.org

StudySite.org StudySite.org

60 વેતન ચુકવણી અધિનિયમ, 1936ના પ્રબંધો અનુસાર, ખોટી માહિતી કે પત્રકો પૂરાં પાડવા અથવા રેકર્ડ, પત્રકો રાખવામાં નિષ્ફળતા માટેના ગુનામાં મહત્તમ કેટલો દંડ કરવાની જોગવાઈ છે ?

(A) રૂ. 7,500 (B) રૂ. 200
(C) રૂ. 8,000 (D) રૂ. 10,000

61 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે, ગેરકાયદેસર પગારકપાતની બાબતમાં, સંબંધિત કામદાર પી. ડબલ્યુ. ઑથોરિટી-સક્ષમ સત્તા-ને અરજી કરે તો યોગ્ય કિસ્સામાં કપાત કરવામાં આવેલી રકમની, કેટલા ગણી રકમ સુધીનું વળતર આપી શકાય ?

(A) દસ ગણી રકમ (B) પાંચ ગણી રકમ
(C) આઠ ગણી રકમ (D) બમણી રકમ

62 વેતન ચુકવણી અધિનિયમ, 1936ના પ્રબંધો અનુસાર વાર્ષિક રિટર્ન કયા નંબરના નમૂનામાં ભરવાનું હોય છે ?

(A) નમૂના નં. 4 (B) નમૂના નં. 1
(C) નમૂના નં. 6 (D) નમૂના નં. 5

63 વેતન ચુકવણી અધિનિયમ, 1936ના પ્રબંધો અનુસાર સક્ષમ સત્તાધિકારીએ નિયત કરેલ તારીખે, જાણીબૂઝીને વેતન ચુકવણીમાં કસૂર કરનાર વ્યક્તિને રોજનો કેટલી રકમનો દંડ થાય ?

(A) રૂ. 10,000 (B) રૂ. 750
(C) રૂ. 2,000 (D) રૂ. 3,000

64 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે સોસાયટીની કપાત ન હોય તેવા, અન્ય કિસ્સામાં, પગારના કેટલા ટકા સુધીની મહત્તમ કપાત કરી શકાય ?

(A) 75 ટકા (B) 25 ટકા
(C) 50 ટકા (D) 30 ટકા

65 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે, આ કાયદાના પ્રબંધો લાગુ થવા માટેની, તા. 8-8-2007થી મહત્તમ પગારમર્યાદા કેટલી છે ?

(A) રૂ. 20,000 (B) રૂ. 10,000
(C) રૂ. 6,500 (D) રૂ. 5,000

66 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે એક હજારથી ઓછા કામદારો જ્યાં નોકરી કરતા હોય તેવા કારખાના કે ઔદ્યોગિક સંસ્થાએ વેતન ચૂકવવાનું થાય ત્યારે, પછીના મહિનાની કઈ તારીખ સુધીમાં વેતન ચૂકવવું જરૂરી છે ?

(A) નવમી (B) દશમી
(C) પંદરમી (D) સાતમી

StudySite.org



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

67 વેતન ચુકવણી (સુધારા) અધિનિયમ, 2005 (2005નો 41મો કાયદો) કઈ તારીખથી અમલમાં આવેલ છે ?

(A) 15-8-2005 (B) 26-1-2005
(C) 9-11-2005 (D) 23-4-2005

68 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે સક્ષમ સત્તાવાળાના હુકમ અથવા નિર્દેશ વિરુદ્ધની અપીલ, તે હુકમ અથવા નિર્દેશોની તારીખથી કેટલા સમયમાં કરી શકાય ?

(A) 15 દિવસ (B) 30 દિવસ
(C) 60 દિવસ (D) 45 દિવસ

69 વેતન ચુકવણી અધિનિયમ, 1936ના અસરકારક અમલીકરણ માટે, ઈન્સ્પેક્ટર્સની નિમણૂક તે કાયદાની કઈ કલમ હેઠળ કરવામાં આવે છે ?

(A) કલમ-15 (B) કલમ-14
(C) કલમ-20 (D) કલમ-5

70 વેતન ચુકવણી અધિનિયમ, 1936ના ઉદ્દેશો શું છે ?

(A) સમયબદ્ધ નિયમિતતાથી વેતન ચુકવણી
(B) કામદારને ગમે ત્યારે છૂટા કરવાની સત્તા
(C) વખતોવખતના વેતનવધારા ન ચૂકવવા
(D) કોર્ટના ચુકાદા હેઠળ અપાતી રકમ ચૂકવવી ન પડે

71 વેતન ચુકવણી અધિનિયમ, 1936ના પ્રબંધો અનુસાર કામે રાખેલ દરેક વ્યક્તિને વેતન ચૂકવવાનો સમય (period) કોણ નક્કી કરશે ?

(A) વેતન ચૂકવવા જવાબદાર વ્યક્તિ
(B) રાજ્ય સરકાર
(C) વડી અદાલત
(D) ઈન્સ્પેક્ટર

72 વેતન ચુકવણી અધિનિયમ, 1936ની જોગવાઈઓ અનુસાર, વેતન સમયગાળો (Wage period) કેટલા માસથી વધશે નહિ ?

(A) ત્રણ માસ (B) એક માસ
(C) બે માસ (D) ચાર માસ

73 વેતન ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે હવાઈવહન સેવાઓના (Air Transport Services) સંદર્ભમાં 'સમુચિત સરકાર' એટલે

(A) રાજ્ય સરકાર
(B) કેન્દ્ર સરકાર
(C) શ્રમ આયુક્ત (Commissioner of Labour)
(D) વાણિજ્ય સેવાઓના અગ્રસચિવ



StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org

74 વેતન ચુકવણી અધિનિયમ, 1936ના પ્રબંધો અનુસાર, નોકરીએ રહેનાર વ્યક્તિ પોતાના વેતનમાંથી વડાપ્રધાન રાહત ફંડમાં ફાળો નીચેનામાંથી કઈ રીતે આપી શકે છે ?

(A) ફરજિયાત
(B) લેખિત બાંયધરી દ્વારા
(C) કરાર કરીને
(D) કામદારોના સંગઠનની મંજૂરી મેળવીને

75 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 લાગુ થવા માટે કામદારોની લઘુતમ સંખ્યા કેટલી હોવી જરૂરી છે ?

(A) 5
(B) 25
(C) 10
(D) 15

76 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961નો અમલ, જમ્મુ-કાશ્મીર રાજ્યમાં ક્યારથી કરવામાં આવ્યો છે ?

(A) 15-8-1961
(B) 26-1-1963
(C) 1-9-1971
(D) 30-6-2005

77 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અનુસાર, લાભ મેળવવા માટે અપેક્ષિત પ્રસૂતિના દિવસ પહેલાંના બાર માસ દરમ્યાન સ્ત્રી કામદારે જે તે સંસ્થામાં ખરેખર કેટલા દિવસથી વધુ કામ કરેલ હોવું જરૂરી છે ?

(A) 80 દિવસ
(B) 90 દિવસ
(C) 45 દિવસ
(D) 60 દિવસ

studysite.org

78 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે પ્રસૂતિનો લાભ, મહત્તમ કેટલાં અઠવાડિયાંનો મળશે ?

(A) ત્રણ અઠવાડિયાં
(B) છ અઠવાડિયાં
(C) દશ અઠવાડિયાં
(D) બાર અઠવાડિયાં

79 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે, પ્રસૂતિનો લાભ મેળવવા હકદાર મહિલા કામદાર તેણીના માલિક પાસેથી મેડિકલ બોનસ પેટે કેટલી રકમ મેળવવા હકદાર છે ?

(A) રૂ. 10,000
(B) રૂ. 5,000
(C) રૂ. 6,000
(D) રૂ. 2,500

80 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે પ્રસૂતાને આપવામાં આવતો સાર-સંભાળ, માવજત વિરામ, બાળકની કેટલી ઉંમર થાય ત્યાં સુધી ચાલુ રહેશે ?

(A) છ માસ
(B) બાર માસ
(C) પંદર માસ
(D) અઢાર માસ

81 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલ હુકમ સામેની અપીલ હુકમ મળ્યાની તારીખથી કેટલા દિવસમાં કરી શકાય ?

(A) 30 દિવસ
(B) 45 દિવસ
(C) 60 દિવસ
(D) 15 દિવસ



StudySite.org
StudySite.org

StudySite.org 82 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961ના પ્રબંધો અનુસાર, ઈન્સ્પેક્ટર દ્વારા જરૂરી દસ્તાવેજોની માંગણી થવા છતાં, તે બતાવવામાં ન આવે કે રજૂ કરવામાં આવે નહિ તો તેવા કિસ્સામાં મહત્તમ દંડની શું જોગવાઈ છે ? StudySite.org

(A) રૂ. 10,000 (B) રૂ. 15,000
(C) રૂ. 20,000 (D) રૂ. 5,000

83 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે મહિલા કામદાર દ્વારા 'બાળકને જન્મ આપેલ છે' તેવો પુરાવો રજૂ કર્યા પછી કેટલા કલાકમાં તેને મળવાપાત્ર લાભોની ચુકવણી કરવાની છે ?

(A) 72 કલાક (B) 48 કલાક
(C) 60 કલાક (D) 96 કલાક

84 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અનુસાર, કસુવાવડની વ્યાખ્યામાં, કેટલાં અઠવાડિયાં, દરમ્યાન કે તે પહેલાં ગર્ભાશયમાંનો ગર્ભ, શિક્ષાપાત્ર ન ગણાય તે રીતે બહાર કઢાવી 'નાખવો' તેવો અર્થ થાય છે ?

(A) 26 અઠવાડિયાં (B) 20 અઠવાડિયાં
(C) 30 અઠવાડિયાં (D) 36 અઠવાડિયાં

85 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે, રાજ્ય સરકાર કોની મંજૂરીથી, નોટિસ આપીને આ કાયદો અન્ય સંસ્થાને લાગુ પાડી શકે છે ?

(A) રાજ્યપાલ (B) લોકાયુક્ત
(C) કેન્દ્ર સરકાર (D) શ્રમ આયુક્ત

86 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે પ્રસૂતિના લાભો મેળવવા માટે, લઘુતમ એંસી દિવસની નોકરી કરેલ હોવી જરૂરી છે પરંતુ સ્થાનાંતર કરીને આસામ રાજ્યમાં આવનાર સગર્ભા સ્ત્રીને તે જોગવાઈ લાગુ પડતી નથી. આ જોગવાઈ કઈ તારીખથી અમલમાં છે ?

(A) 15-1-1962 (B) 10-1-1989
(C) 26-1-1990 (D) 26-1-1975

87 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે કે આ કાયદા હેઠળ બનાવેલા નિયમોના ભંગ બદલ માલિકને ઓછામાં ઓછી કેટલી કેદની સજા થઈ શકે ?

(A) એક વર્ષ (B) બે માસ
(C) છ માસ (D) ત્રણ માસ

88 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961ના પ્રબંધો અનુસાર, ઈન્સ્પેક્ટરના હુકમ સામેની અપીલ કયા ફોર્મમાં લખવાની હોય છે ?

(A) ફોર્મ-A (B) ફોર્મ-B
(C) ફોર્મ-C (D) ફોર્મ-J



StudySite.org StudySite.org

StudySite.org

89 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961ના પ્રબંધો અનુસારે, પ્રત્યેક ખાણ અથવા સરકસના માલિકે, પ્રત્યેક વર્ષે સક્ષમ સત્તાવાળાને મોકલવાનું વાર્ષિક પત્રક (Annual Return) કઈ તારીખે કે તે પહેલાં રજૂ કરવાનું હોય છે ?

(A) 26 જાન્યુઆરી
(B) 28 ફેબ્રુઆરી
(C) 31 માર્ચ
(D) 21 જાન્યુઆરી

90 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961ના પ્રબંધો અનુસાર, મહિલા કામદારને ટ્યુબેક્ટોમી (Tubectomy) ના ઑપરેશન માટે, બે અઠવાડિયાંની પગાર સાથેની રજાની જોગવાઈ કઈ તારીખથી અમલી બની છે ?

(A) 1-2-1995
(B) 2-1-1996
(C) 1-2-1996
(D) 2-1-1995

91 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે મહિલા કામદારના મૃત્યુના કિસ્સામાં, તેણીને મળવાપાત્ર ચૂકવવાના થતા લાભો, કોણ મેળવી શકે ?

(A) નામાંકન થયેલ વ્યક્તિ (Nominated person)
(B) તેણીના સસરા
(C) તેણીના પિતા
(D) તેણીના માતા

92 પ્રસૂતિ સહાયતા અધિનિયમ, 1961 અન્વયે મહિલા કામદારને મળવાપાત્ર રકમ, ચૂકવવાની સૂચના આપવાની સત્તા કોને છે ?

(A) કારખાનાના માલિક
(B) પાળીના સુપરવાઈઝર
(C) ઈન્સ્પેક્ટર
(D) મજૂર સંગઠનના મહામંત્રી

93 કારખાના અધિનિયમ, 1948 અન્વયે કામદારોનું જીવનધોરણ સુધરે અને સુખાકારીમાં સુધારો થાય તે માટેનાં પગલાંઓ સૂચવવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

(A) કારખાનાના પાળીના સુપરવાઈઝર
(B) કલ્યાણ અધિકારી (Welfare Officer)
(C) કારખાનાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
(D) કારખાનાના મુખ્ય સ્થપતિ

94 કારખાના અધિનિયમ, 1948 અન્વયે, જાહેર સેવાઓ (Public Utility)ના કામદારે, પોતાની રજા શરૂ થાય તે તારીખ પહેલાં, કેટલા દિવસ અગાઉ રજા માટેની અરજી કરવાની હોય છે ?

(A) 30
(B) 15
(C) 45
(D) 7



StudySite.org StudySite.org StudySite.org

StudySite.org

95 કેમિકલ એક્સિડન્ટ્સ પ્રિવેન્શન રૂલ્સ, 1996, કેન્દ્ર સરકારને, કયા કાયદાના પ્રબંધોથી મળેલ સત્તાની રૂએ બનાવ્યા છે ?

(A) ધી ફેક્ટરીઝ એક્ટ, 1948

(B) ધી એન્વાયરમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ, 1986

(C) ધી એમ્પ્લોયર લાયેબિલિટીઝ એક્ટ, 1938

(D) ધી પર્સનલ ઇન્જરીઝ (કોમ્પેન્સેશન ઇન્સ્યુરન્સ) એક્ટ, 1963

96 કેમિકલ એક્સિડન્ટ્સ પ્રિવેન્શન રૂલ્સ, 1996 હેઠળ ''લોકલ ક્રાઈસીસ ગ્રુપ''ની રચના કયા શેડ્યુલ મુજબ કરવામાં આવે છે ?

(A) Schedule-VIII (B) Schedule-V

(C) Schedule-VII (D) Schedule-IV

97 કેમિકલ એક્સિડન્ટ્સ પ્રિવેન્શન રૂલ્સ, 1996ના પ્રબંધો અનુસાર ''ઈન્ડસ્ટ્રીયલ પૉકેટ'' તરીકેનો ઔદ્યોગિક વિસ્તાર નિયત કરવાની સત્તા કોને છે ?

(A) કેન્દ્ર સરકાર (B) રાજ્ય સરકાર

(C) રાજ્યપાલ (D) અગ્રસચિવ (ઉદ્યોગો)

98 કેમિકલ એક્સિડન્ટ્સ પ્રિવેન્શન રૂલ્સ, 1996ના પ્રબંધો અનુસાર, ''સ્ટેટ ક્રાઈસીસ ગ્રુપ''માં રાજ્ય સરકારના નોમીનીની સંખ્યા કેટલી હોય છે ?

(A) 6 (B) 5

(C) 4 (D) 7

99 કેમિકલ એક્સિડન્ટ્સ પ્રિવેન્શન રૂલ્સ, 1996ના શિડ્યુલ-I, પાર્ટ-IIમાં 'જોખમી અને ઝેરી રસાયણો'ની યાદીમાં કેટલી સંખ્યામાં રસાયણો સમાવવામાં આવ્યાં છે ?

(A) 231 (B) 321

(C) 123 (D) 431

100 કેમિકલ એક્સિડન્ટ્સ પ્રિવેન્શન રૂલ્સ, 1996 હેઠળ રચવામાં આવેલ સેન્ટ્રલ ક્રાઈસીસ ગ્રુપની મિટિંગ, કેટલા સમયના અંતરે મળવી જોઈએ ?

(A) ત્રણ મહિને એકવાર (B) છ મહિને એકવાર

(C) ચાર મહિને એકવાર (D) દર મહિને



StudySite.org

StudySite.org
StudySite.org

રફકામ માટેની જગ્યા

studysite.org



StudySite.org
StudySite.org